## સિલસિલએ અઈમ્મતે તાહેરીન (અ.સ.) – ૧

# ઈમામ હસન (અ.સ.) અલ–મસ્મૂમ

કયાં એ કૂફાની જાહોજલાલી જે અલી મુશ્કિલ કુશા (અ.સ.)ના ઝમાનામાં હતી અને કયાં આજની ખસ્તા હાલત જયાં લાખોની વસ્તી હતી, ત્યાં હવે મહઝ થોડા હજારની વસ્તી છે ! જેમ એ ઝમાનામાં મુશ્કિલ કુશા (અ.સ.) ની શખ્સીયત, રૂહાનીયત અને આલી મકામ ઘણા સમજી ન શકા, તેમ આપની રિયાસત અને દૂરંદેશી પણ સમઝી ન શકા. એ વક્ત ઈરાકી, સીરીયનો અને શામીઓએ, ઉમવી હુકૂમતના ગુલામ બની મુશ્કિલ કુશા (અ.સ.)ના બાદ ઈમામ હસન (અ.સ.) ને પણ એવી બધી તકલીફ પહોંચાડી કે ઈમામ હસન (અ.સ.) ઝાહિરમાં સુલેહ કરી લઈ મદીના પાછા ફરવાનું મુનાસિબ માનું.

કૂફા યાદ આવે છે તો મુશ્કિલ કુશા (અ.સ.) યાદ આવે છે; ઈમામ હુસૈન (અ.સ.) યાદ આવે છે. પણ એ જ કૂફાએ ઈમામ હસન (અ.સ.) ને કઈ ઓછી પરેશાની આપી હતી ! આજે પણ નજફમાં ૨૯ મી સફરનો શહાદતે ઈમામ હસન (અ.સ.) નો દિવસ શીયાઓ ગમીના દિન તરીકે માને છે. માતમ, જુલૂસ અને નમ આંખોવાલા ચારે તરફના અરબ ઝવ્વારોથી નજફનાં સહેન ઉભરાય છે. જે તરહ આશુરા યા ચેહલુમના દિવસે કરબલાએ મોઅલ્લામાં ઈઝદેહામ હોય છે એવા જ ગમની ગેહરી અસર માતમનો પુરજોશ હંગામ લોગોમાં ૨૯ સફરે નજફે અશરફમાં રહે છે.

ઈમામ હસન (અ.સ.) ની વિલાદત મદીનએ મુનવ્વરામાં હી.સ.૩ માં રમઝાન મુબારકની ૧૫ મી તારીખે થઈ હતી. પૈદાઈશના પહેલા દિને રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ આપના જમના કાનમાં અઝાન કીધી હતી. સાતમા દિવસે અકીકો કીધો હતો અને "**હસન**" નામ પાડું હતું. તે વક્તથી આજ તક અપની જમાઅતમાં અઝાન, અકીકો અને નામ પાડવાનો રિવાજ જારી છે.

ઈમામ હસન (અ.સ.) ૬ વરસના થયા ! આપ ઝહેનના એટલા તૈઝ હતા કે, નાઝિલ થતી કુરઆને શરીફની આયતને રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની ગોદમાં રમતાં રમતાં સાંભલી લઈ યાદ કરી લેતા, અને પછી દોડી જઈ માઁ ફાતેમતુઝઝહેરા (અ.સ.) ને તે સંભલાવતા.અલી મુશ્કિલ કુશા (અ.સ.) જ્યારે ઘરમાં પધારતા ત્યારે માઁ ફાતેમતુઝઝહેરા (અ.સ.) ફરમાવતા કે, આજે આ આયત નાઝિલ થઈ. મૌલા અલી તઅજ્જુબ થઈને પૂછતાં, "**હજી તો નબવી હઝરતમાંથી હું હમણા આવું છું તે પહેલા, અહીં આવી તમને આ આયતની કૌન ખબર આપી ગયું ?**"

માઁ ફાતેમા (અ.સ.) આ વાતનો ખુલાસો કરે છે, એટલામાં ઈમામ હસન (અ.સ.) દોડતાં આવા. માઁ સાહેબાને બીજો ઈલાહી પૈગામ આપવા બામસર્રત ચેહરે આવા. પણ બાવાજીસાહેબને ત્યાં જોઈ શરમાઈ જઈ માઁની આગોશમાં માથું છુપાવી દીધું. બાવાજીની હાઝરીમાં કેમ બોલાય ? ખૂબ સમઝાવા પણ કંઈ જ ન બોલા. જે વક્ત બાવાજી સાહેબ બહાર પધારી ગયા તો નાના બચ્ચાંનાં મનમાં જે વાત હતી તે દિલ ખોલીને માઁ ને કહી દીધી. પણ ખબર ન હતી કે કમાડની તિરાડમાંથી બાવાજી સાહેબ બધુ જોઈ રહ્યા છે. આવું હતું ઈલ્મો અમલથી ભરપૂર બચપણ.

અને જવાની ? એ તો ઉછરી હતી તીરોની બૌછાર અને તલવારોના નીચે. મુશ્કિલકુશા (અ.સ.) દરેક જંગમાં આપને સાથે જ લઈ જતા. નાનાજી સાહેબનો સાયો ઉઠી ગયો. સકીફામાં લોગો ભેગા થયા, હક્કદારોના હક્ક છીનવી લીધા, લોગો ઘર પર ચઢી આવા માઁ ફાતેમા (અ.સ.) ના ઉપર લઈનોએ દરવાઝો પટકો, તમાચા મારા. બાવાજી અલી (અ.સ.) ને ગલામાં કાલી જાડી રસ્સી બાંધી, ફાતહે ખૈબરને બંદીવાન બનાવી લઈ ગયા. ફિદકની વાડી ઉપરના હક્કની હુજ્જત વાસ્તે માઁ ફાતેમા (અ.સ.) બુરકો પહેરી મજલિસમાં ગયા એક "આહ" નો નિસાસો ભરો. ઝલઝલો પૈદા થઈ ગયો. ૭ દિવસમાં તો માઁનો સાયો પણ ઉઠી ગયો ! નાના ભાઈ હુસૈન (અ.સ.), બહેન ઝૈનબ (અ.સ.) અને ઉમ્મે કુલસૂમ (અ.સ.) નાની ઉંમરમાં બગૈર માઁના થઈ ગયા. આખિરકાર એ જ મક્કા-મદીનાના લોગો જેઓએ ગૈરને મસ્નદે મોહંમદી પર કાઈમ કીધા હતા, તંગ આવી જઈ અલી મુશ્કિલ કુશા પાસે દોડી આવા.

મક્કા-મદીના છોડી મૌલા અલી (અ.સ.) કૂફા આવા. એ ઈરાદાથી કે, ત્યાંથી મિસિર, શામ, ઈરાન અને યમન ના ઈલાકાઓ તક આસાનીથી હુકૂમતનો ઈંતેઝામ કરી શકાશે. પણ કૂફા અને શામ ક્યાં ચૈન લેવા દે ? સકીફામાં જે શરૂઆત થઈ હતી તે જુદી-જુદી સુરતમાં જંગે જમલ, જંગે સિફ્ફીન અને જંગે નહેરવાનમાં ઝાહિર થતી જ રહી અને નતીજતન ઈબ્ને મુલજિમનાં હાથે મૌલા અલી (અ.સ.) કૂફાની મસ્જિદની મેહરાબમાં શહીદ થયા.

કોઈપણ જંગ વાસ્તે મૌલા અલી (અ.સ.) જાવાનું કહે ત્યારે કૂફીઓ કહેતાં, "**હમણાં તો શરદી છે, ઝરા તાપ પડે પછી જઇએ.**" **જો તાપ હોય તો કહે,** "**ઝરા ઠંડક થાય પછી જઇએ.**" આ મુજબની બહાનેબાઝીનો હાલ કૂફીઓનો હતો. તે ઈમામ હસન (અ.સ.) એ નઝરો નઝર જોયું હતું. આમ સબરના સબક ઈમામ હસન (અ.સ.) ની રગેરગમાં માઁની આગૌશથી લઈને બાવાજી સાહેબની શહાદત સુધી પૈવસ્ત થઈ ગયા હતા. અલી (અ.સ.) ની શહાદત બાદ આપની ઈમામતની તાજપોશી અને કાઈમ મકામી કૂફામાં જ થઈ.

ઈમામત પર આવા બાદ થોડા અરસામાં જ અમીરે શામ સાથે મોટી લડાઈ થઈ. પણ તેએ દૌલત ખર્ચી લશ્કરને ફોડયું. યાઅની ઈસ્લામમાં તફરેકો ન થાય એ વાસ્તે આપે રસ્તો કાઢવા તે અમીરને સાથે સુલેહ કરી લીધી. જેમાં અહમ શરતો ત્રણ હતી :

(૧) અમીરૂલ મુમેનીન અલી (અ.સ.) પર બોલાતી લાઅનત
 (નઉઝોબિલ્લાહ) બંધ કરાવવી.

(૨) દુન્યાવી ગાદી અમીરે શામ પાસે એની ઝિંદગી સુધી જ રહે.

(૩) ખુમુસનો માલ અહલે બૈત (અ.સ.) નો હક્ક છે. તે હક્ક તેમને જ આપવામાં આવે.

પણ અમીરે આ ત્રણ શરતો પર અમલ ન કીધો, એ તારીખથી સાબિત થાય છે. અલી (અ.સ.) પર સલવાત પઢનાર કંઈક શીયાઓને શહીદ કીધા અને લાઅનત બોલનારાને ઘણી દૌલત આપી દીધી. અને આથી ઝિયાદહ યઝીદને ગાદી વારિસ બનાવવા વાસ્તે કેટલાય પેંતરા રચી સુલેહનામાની શરતોને નઝરઅંદાઝ કીધી. આખિરકાર અમીરના મૌત બાદ યઝીદ ગાદી પર આવી એવી તો આગ લગાડી કે, "કરબલા" નો સાનેહો તારીખે ઈસ્લામનો સૌથી ગમનાક અને દર્દનાક બનાવ બની ગયો. ઈમામ હસન (અ.સ.) એ એમાં જ ભલું જોયું કે, હવે કૂફા છોડી મદીના ચાલા જવું. અને માઁ ફાતેમા (અ.સ.) તેમજ નાના સાહેબ (સ.અ.વ.વ.) ના મઝારના મુજાવિર થઈ ઝિંદગી બસર કરવી.

ઉપર કહ્યું તેમ કૂફામાં આપને ચૈન ન મીલતા આપ ત્યાંથી મદાઈન પધારી ગયા (બગદાદની બાજુમાં જ્યાં સલમાનુલ ફારસી (રિ.અ.) ના મઝાર છે. પહેલા તે ઘણું મોટું શહેર હતું) અને ત્યાં થોડાક વક્ત રહી મદીના તરફ હિજરત કીધી.કૂફાથી મદીનાની કૂચ પણ ઘણી જ રંજો અલમથી ભરપૂર છે. અમીરના જાસુસો ચોતરફ ફરતા હતા. એક પછી એક મંઝિલ તય કરતા કાફલો પહાડીઓમાંથી પસાર થાતો હતો. ત્યાં એક જાસુસ આ પહાડીઓમાં છુપાયેલો હતો અને તે પણ એવા મુકામે કે, જ્યાં થઈને કાફલાનો જવાનો રસ્તો હતો અને રસ્તો એવો સાંકડો કે એક જ ઊંટ ગુઝરી શકે. ત્યાં છુપેલા તે જાસુસે ઈમામ હસન (અ.સ.) ના ઊંટનો ત્યાંથી ગુઝર થતાં જ આપ ઉપર ઝહેર ચઢાવેલા ખંજરથી હુમલો કીધો. એમાં આપની જાંઘ ઝખ્મી થઈ.

આપે મૌસલ મુકામે આવી તેનો ઈલાજ કરાવો. આપના કાફલાનો મસ્જિદમાં કિયામ હતો. ત્રણ ચાર દિવસ બાદ સહેજ આરામ થતાં આપ લાકડીને ટેકે બાઝારમાં પધારા. એક શીઆની દુકાન પર બેસા-બેસા તેની સાથે વાતચીત કરતા હતા તે વકત પર એક બીજો શખ્સ પણ ત્યાં ઊભો ઊભો આપની વાત સાંભલતો હતો. ઈમામ હસન (અ.સ.) નો ડાબો પગ નીચે ઝમીન પર ટેકાયેલો હતો. તે શખ્સનાં હાથમાં ડાંગ હતી જેની છેડે અણીદાર ખીલો હતો, અને તે ઝહેર-આલૂદ હતો. જાણે વાતમાં ખૂબ રસ લેતો હોય એમ એ ઊભો હતો. આપ ઝખમના દર્દથી તડપી ઉઠા. ત્યાં તો અબ્બાસ અલમદાર (અ.સ.) આવી પહોંચા અને તલવાર કાઢવાની તૈયારી કરતા હતા ત્યાં તો ઈમામ (અ.સ.) એ આપને કહ્યું, "ભાઈ, હૈદરી કુવત તો ફુરાતના કિનારે કરબલાના મૈદાનમાં આશુરાના દિન દેખાડજો, હમણાં તો સબર કરો."

જમની જાંઘનો ઝખમ હજુ રૂઝાયો ન હતો અને ડાબા પગમાં ઝખમ થયો. આપ ચાલી શકે એમ ન હતા. હઝરત અબ્બાસ (અ.સ.) આપને ઊંચકી મસ્જીદમાં લઈ ગયા. ત્યાંથી આપ મદીના પધારા, તે પહેલા તો મદીનાના હાકિમ "મરવાન" ઉપર દમિશ્કથી કાગઝ આવી ચૂકો હતો. એક લાખ દિરહમ સાથે ઝહેર પણ મોકલું હતું અને આમ ઈમામ હસન (અ.સ.) ની શહાદતની પેરવી થઈ.

૪૦ દિવસ સુધી એ ઝહેર જમનમાં, પાનીમાં ઈમામને અનેક રસ્તે પહોંચુ. ખંજર અને લાકડીના ઝરીએ ખૂનમાં ઝહેર ક્યારનું પહોંચી તો ચુકુ જ હતું. જ્યારે જ્યારે ઝહેરની શિદ્દત વધારે થતી ત્યારે આપ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની કબર પર જાતા અને આપને રાહતનો એહસાસ થાતો, શિફા થાતી. પણ આખરે દુશ્મનોએ રૂમથી ખાસ મંગાવેલું હીરાકણીના ભૂકાનું ઝહેર મોકલું.

એ મશ્હૂર છે કે, ઝૈનબ (અ.સ.) ના મકાન ઉપર ઈમામ હસન (અ.સ.) આરામ ફરમાવતા હતા. આપની તીમારદારી ખાસ ઝૈનબ (અ.સ.) પોતે કરતા હતા. પણ એક રોઝ બપોરે ઉજાગરાના થાકથી ઝૈનબ (અ.સ.) ની આઁખ લાગી ગઈ અને આ મૌકો જોઈ દુશ્મનોએ ઈમામની ચારપાય નીચે મુકેલા પાનીના કુઝા ઉપર બાંધેલા કપડામાંથી હીરાકણી ગાલી એમાં મીલાવી દીધી. અને જે વક્ત ઈમામ હસન (અ.સ.) એ પાની માંગું તો ઝૈનબ (અ.સ.) એ તે ઝેહરીલું પાની આપું, પણ આ શું કયામત ? આપને લોહીની ઉલ્ટી થઈ. આખું જિસ્મ મુબારક લીલું થઈ ગયું, ઈમામ હુસૈન (અ.સ.) પધારા, ઈમામ હસન (અ.સ.) ની હાલત જોઈ ઈમામ હુસૈન (અ.સ.) ને ગુસ્સાથી જલાલ આવી ગયો. આપે કુઝામાં બચેલું પાની પીવા કુઝો ઉંચકો, ત્યાં તો ઈમામે આપને રોકા. "**ભાઇ, એ ન પીઓ, ભાઇ તમારામાં અને મારામાં એ જ ફરક છે કે, હું પાની પીને શહીદ થાઉં છું, તમે પાની બગૈર શહીદ થાશો.**" અને આમ ગરીબુલ ગોરબા શહીદ થઈ ગયા.ઝિંદગીભર દુશ્મનોએ આપને ચૈન ન લેવા દીધું અને મૌત બાદ પણ આપની કબ્ર મુબારકને શહીદ કરી દીધી; આપ અજબ મઝલૂમ હતા.

થોડા વક્ત પછી અમીરે શામ ગુઝરી ગયો અને યઝીદ ગાદીએ બેસો. "**ઇમામ હુસૈન (અ.સ.) ની બયઅત અથવા તો માથું**", એવી ચિઠ્ઠી જ્યારે તેએ મદીનાના હાકિમ ઉપર લખી, ત્યારે ઈમામ હુસૈન (અ.સ.) મદીનાથી મક્કા રવાના થઈ ગયા. કૂફીઓના કાગઝો ઉપર કાગઝો આવવા લાગા. આપે હ.મુસ્લિમને મોકલા તો કૂફીઓ બેવફા થયા. જ્યારે હુસૈની લશ્કર કૂફા તરફ કૂચ કરતું કરતું કરબલાના મૈદાન સુધી આવી પહોંચું. ત્યાં તો કાગઝ લખનારા કૂફીઓ યઝીદી ફૌજમાં ભરતી થઈ જઈ હુસૈન (અ.સ.) નો રસ્તો રોકી બેસા. કૂફા બરબાદીને કિનારે આવી ઉભું રહ્યું. તેના બરબાદીના દિવસો નઝદીક આવી રહ્યા હતા.

કૂફાની એ મસ્જીદ કે, જ્યાંથી ફુટેલાં પાનીના ફૂવારાથી ચો તરફ તોફાની દરિયો સર્જાયો હતો. અને જે ખુશનસીબો નૂહ નબીના સફીનામાં સવાર થયા યાઅની અહલે બૈત (અ.સ.) ને સાથ આપો તેઓ નજાત પામા. અમીરૂલ મુમેનીન (અ.સ.) તે જ જગામાં મિમ્બર પરથી આઅલા કદર ખુત્બા ફરમાવા હતા, આપ તમામ સૌને બલંદ આવાઝે કહેતાં, "**જે કઇ પૂછવું હોય તે પૂછી લો. આ સીનામાં ઇલ્મના ભંડારો ભરેલા છે. પૂછશો એટલું સમઝાવીશ.**" આમ ઈલ્મ અને ઈરફાનના દરિયા તે જ જગા પરથી આપે વહાવા પણ કૂફાના નસીબમાં જ ક્યાં હતું કે એનાથી ફૈઝયાબ થાય ! ઉલટું ઝેહરીલી તલ્વારથી ખુદાની ઈબાદતમાં જ પીઠ પાછલ આવી આપ અલી (અ.સ.) ઉપર વાર કીધો.

કૂફામાં આજે પણ આઠ દસ ફૂટ ઊંડું ખોદકામ કરો તો જુના મકાનો મીલી આવે છે અને તારીખની હકીકતોની યાદ તાઝા થાય છે. ★